Extra No. 208

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગના** તારીખઃ **૩જી મે, ૨૦૨૫**-ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજી/૫૫/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/સી** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર.આર.સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Bharatiya Nagarik Suraksha Sanhita, 2023

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક. જીજી/૫૫/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/સી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીજી/૮૭/પીએસટી/૧૦૨૦૧૦/૮૪૮/વી નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,-

(૧) કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલ "સરખેજ સબ-ડિવિઝન"-ને લગતી અનુક્રમાંક ૨ પરની નોંધમાં, કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલ "બોપલ" પોલીસ સ્ટેશન-ને લગતી નોંધમાં,-

(ક) સ્થાનિક વિસ્તારો/ગામો-ને લગતા કોલમ ૭માં, "(૧૧) શાંતીપુરા" એ નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

"(૧૨) રીંગ રોડની પશ્ચિમ બાજુના સર્વિસ રોડ સહિત, શીલજ રેલવે ટ્રેકથી વકીલ બ્રિજ, મોહમ્મદપુરા બ્રિજ સુધીનો રીંગ રોડની પશ્ચિમ તરફનો વિસ્તાર અને શાંતિપુરા બ્રિજની ઉત્તર બાજુની ધાર, (રીંગ રોડની બહારની બાજુના વિસ્તારમાં) સમાવિષ્ટ કર્યા છે. [આ વિસ્તાર, અમદાવાદ શહેરના સરખેજ પોલીસ સ્ટેશનમાંથી બાકાત કરેલ છે.]";

(ખ) "સ્થાનિક વિસ્તારો/ગામો" એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલ સ્થાનિક વિસ્તારો/ગામોને લગતી નોંધોમાં, નીચેની નોંધો કમી કરવી:-

"(૪) લપકામણ

(૫) લીલાપુર

(૬) ખોડિયાર";

(૨) કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલ "સરખેજ સબ-ડિવિઝન"-ને લગતી અનુક્રમાંક ૩ પરની નોંધમાં, કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલ "અસલાલી" પોલીસ સ્ટેશન-ને લગતી નોંધમાં, સ્થાનિક વિસ્તારો/ગામો-ને લગતા કોલમ ૭માં, "(૧૭) રોપડા" એ નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

"(૧૮) જેતલપુર ગામ, ચોસર ગામ સહિતનો વિસ્તાર અને બન્ને ગામોના સરવે નંબરોની તમામ હદ. [આ વિસ્તાર, અમદાવાદ શહેરના નારોલ પોલીસ સ્ટેશનમાંથી બાકાત કરેલ છે.]";

(૩) કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલ "સરખેજ સબ-ડિવિઝન"-ને લગતી અનુક્રમાંક ૬ પરની નોંધમાં, કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલ "ચાંગોદર" પોલીસ સ્ટેશન-ને લગતી નોંધમાં, સ્થાનિક વિસ્તારો/ગામો-ને લગતી કોલમ ૭માં, "(૧૭) મોડાસર" એ નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

"(૧૫) (રીંગ રોડની બહારની બાજુના) સર્વિસ રોડથી આગળના વિસ્તાર સહિત, શાંતિપુરા બ્રિજની ઉત્તર બાજુની ધારથી સનાથલ ટોલ ટેક્ષ સુધીનો રીંગ રોડ સમાવિષ્ટ કર્યો છે. [આ વિસ્તાર, અમદાવાદ શહેરના સરખેજ પોલીસ સ્ટેશનમાંથી બાકાત કરેલ છે.]";

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અનિતા ઝુલા,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 21:56:23 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar